# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, નવસારી

ડો.હોમી મેહતા ટેકનીકલ હાઈસ્કૂલ કેમ્પસ,છાપરા રોડ,નવસારી,૩૯૬૪૪૫

☎ (૦૨૬૩૭) ૨૩૨૫૭૨ ✉ navsarideo@gmail.com 💻 www.deonavsari.in

સત્યમેવ જયતે


જા.નં. :- દફતર વર્ગીકરણ/૨૪૪૪-૬૦૭

શાખા/વિભાગ :-મકમ

તારીખ :- ૦૫-૧૦-૨૦૧૭

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,

જિલ્લો નવસારી.

**વિષય :-** આપની શાળામાં દફતરોની યોગ્ય જાળવણી અને વહીવટ અંગેના રેકર્ડ બાબત.

**સંદર્ભ :-** ગુજરાત રાજ્ય અભિલેખાગાર દક્ષિણ વર્તુળ કચેરી, વડોદરાના પત્રાંક : દવદ/અપર/૧૩૭/૨૦૧૭/૭૨૫ તા.૧૯/૦૯/૨૦૧૭.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રાંક અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/જીઓઆઈ/૩૭/વસુતા/પ્ર/૧ તા.૦૯/૦૬/૨૦૦૯ માં જણાવેલ સૂચનાઓ મુજબ આપની શાળામાં દફતરોની યોગ્ય જાળવણી અને વહીવટ અંગેના રેકર્ડ બાબતે નિયમિત વર્ગીકરણ કરી કાયમી દફતરો અદ્યતન રીતે સચવાઈ રહે તે માટેની વ્યવસ્થા કરવી. નાશપાત્ર/નિકાલ ફાઈલો, દફતરોનો સમયસર નાશ/નિકાલ કરવાનું રહેશે. આપની શાળાના રેકર્ડ વર્ગીકરણની કાર્યવાહીને વેગ મળે તે હેતુથી આપની શાળાનું દફતર નિરીક્ષણ અર્થે આ કચેરીના અધિકારી/કર્મચારીઓ સમયાંતરે આપની શાળામાં રૂબરૂમાં આવશે. દફતર વર્ગીકરણ માટે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લઇ કાર્યવાહી કરવાની રહેશે.

1. જે ફાઈલોનું ઐતિહાસિક મહત્વ હોય તેવી ફાઈલો 'ક' વર્ગમાં મુકવી.
   - **'ક' વર્ગ** : અનિશ્ચિત મુદ્દત સુધી સાચવવાની ફાઈલો.
2. જે ફાઈલોનું વહીવટી દ્રષ્ટીએ મહત્વ હોય તેવી ફાઈલો 'ખ' વર્ગમાં મુકવી.
   - **'ખ' વર્ગ** : ૩૦ વર્ષ સુધી સાચવવાની ફાઈલો.
   - **'ખ-૧' વર્ગ** : ૧૫ વર્ષ સુધી સાચવવાની ફાઈલો.
3. જે ફાઈલોનું ઓછું મહત્વ હોય તેને 'ગ' વર્ગમાં મુકવી.
   - **'ગ' વર્ગ** : ૦૫ વર્ષ સુધી સાચવવાની ફાઈલો.
   - **'ઘ' વર્ગ** : ફાઈલ બંધ થયા પછીના ૦૧ વર્ષના અંતે નાશ/નિકાલ કરવાની ફાઈલો.
4. આપની શાળાની વર્ગીકરણ યાદી.
5. આપની શાળાના સ્થાપના વર્ષથી આજદિન સુધી બંધ થયેલ ફાઈલોના વર્ગીકરણ રજીસ્ટરો (ક, ખ, ખ-૧, ગ, ઘ વર્ગના) તૈયાર કરવાના રહેશે.
6. આપની શાળાના સ્થાપના વર્ષથી નાશ/નિકાલ કરેલ ફાઈલોની માહિતી.
7. આપની શાળાનો રેકર્ડ રૂમ/વર્ગીકરણ કરેલ ફાઈલોની સાફ-સફાઈ કરીને વ્યવસ્થિત રાખવી.

જિલ્લા શિક્ષણાધિકારી

નવસારી, જિ.નવસારી

**નકલ રવાના જાણ સારુ :-**

અધિક્ષકશ્રી, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, દક્ષિણ વર્તુળ કચેરી, વેસ્ટ કોઠી કમ્પાઉન્ડ, વડોદરા